પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૨૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૫-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

૩ રાજ્યમાં પૂર અને વરસાદ

## બિહાર સહિત ૩ રાજ્યમાં ૫૭ લોકોનાં મોત : આસામમાં પૂરથી ૭ લાખ લોકો અસરગ્રસ્ત, રેલવેટ્રેક આશરો બન્યો

નવીદિલ્હી,

ચોમાસા પહેલા જ દેશના કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદે વિનાશ સર્જ્યો છે. બિહાર, આસામ અને કર્ણાટક આવા જ ત્રણ રાજ્યો છે, જ્યાં વીજળી પડવાથી અને પૂરના કારણે ૫૭ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે. આસામમાં સ્થિતિ સૌથી ખરાબ છે. અહીં બ્રહ્મપુત્રા અને તેની સાથે વહેતી નદીઓમાં આવેલા પૂરે ભારે કહેર મચાવતા વિનાશ સર્જ્યો છે. સેંકડો ગામોએ જળ સમાધિ લીધી છે. ૭ લાખથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. ખેડુતોનો પાક પણ નાશ પામ્યો છે.

દેશના કેટલાક ભાગોમાં હીટવેવ, વરસાદ, પૂર અને વીજળીએ કહેર મચાવ્યો છે. કેટલાક ભાગોમાં, જ્યાં લોકો સખત ગરમી સામે ઝઝૂમી રહ્યા છે, જ્યારે કેટલાંક સ્થળોએ ભારે વરસાદથી વિનાશ થયો છે. બિહારમાં શુક્રવારે વાવાઝોડું અને વીજળી પડવાને કારણે ૧૬ જિલ્લામાં ૩૩ લોકોનાં મોત થયાં હતાં.

આ દરમિયાન આસામના ચાર જિલ્લા- નાગાંવ, હોજઈ, કછાર અને દરાંગમાં પૂરથી સ્થિતિ ગંભીર બની હતી. અત્યારસુધી અહીં પૂર અને વરસાદ સંબંધિત અલગ-અલગ ઘટનાઓમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. લગભગ ૫૦૦ લોકો રેલવેટ્રેક પર રહેવા મજબૂર બન્યા છે.



આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અનુસાર, રાજ્યના ૨૯ જિલ્લામાં લગભગ ૭.૧૨ લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. જમુનામુખ જિલ્લાના બે ગામના ૫૦૦થી વધુ પરિવારોએ રેલવેટ્રેક પર કામચલાઉ આશરો લીધો છે. એકલા નાગાંવ જિલ્લામાં ૩.૩૬ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે, જ્યારે કછાર જિલ્લામાં ૧.૬૬ લાખ, હોજઈમાં ૧.૧૧ લાખ અને દરાંગ જિલ્લામાં ૫૨૭૦૯ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.

બિહારમાં વાવાઝોડું અને વીજળી પડવાને કારણે ૧૬ જિલ્લામાં ઓછામાં ઓછા ૩૩ લોકોનાં મોત થયાં છે. સીએમ નીતીશ કુમારે દુર્ઘટનામાં મૃતકોનાં પરિવારજનોને રૂ. ૪ લાખ સહાય આપવાની જાહેરાત કરી હતી. રાજ્ય હવામાન વિભાગ દ્વારા એવું કહેવાયું છે કે શનિવાર અને રવિવારે કેટલાક ભાગોમાં વાવાઝોડા સાથે હળવો વરસાદ પડી શકે છે. એનું કારણ એ છે કે હવે અહીં પ્રી-મોન્સૂન એક્ટિવિટી સક્રિય થઈ ગઈ છે. કર્ણાટકમાં પ્રી-મોન્સૂનની દસ્તકને કારણે હાહાકાર મચી ગયો છે. ભારે વરસાદને કારણે સ્થળોએ પાણી ભરાવાને કારણે દુર્ઘટના સર્જાઈ હતી, જેને કારણે નવ લોકોનાં મોત થયાં છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. સાવચેતીના ભાગરૂપે તમામ શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. રાહત અને બચાવ કામગીરી માટે દ્રઢઈહ્નની ચાર ટીમો તહેનાત કરવામાં આવી છે.

દક્ષિણ કન્નડ જિલ્લામાં વરસાદને કારણે રસ્તો ધોવાઈ જતાં એક કાર ખાડામાં ફસાઈ ગઈ હતી, જેને બહાર કાઢવા માટે ઘણી મહેનત કરવી પડી હતી. વરસાદને કારણે ૨૩ મકાનને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. મહેસૂલમંત્રી આર. અશોકે કહ્યું કે ચિકમંગલુર, દક્ષિણ કન્નડ, ઉડુપી, શિવમોગા, દાવણગેરે, હસન અને ઉત્તર કન્નડ જિલ્લામાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ બોમ્મઈએ બેંગલુરુના વરસાદથી અસરગ્રસ્ત ઘણા વિસ્તારોની મુલાકાત લીધી હતી.

## કિસાન આંદોલન દરમિયાન જીવ ગુમાવનાર કિસાનોના પરિવારને ત્રણ ત્રણ લાખની મદદ અપાશે

નવીદિલ્હી,

દિલ્હીમાં ચાલેલ કિસાન આંદોલન ખુબ મોટું આંદોલન રહ્યું અને આ દરમિયાન અનેક લોકોના મોત પણ થયા છે.હવે કિસાન આંદોલનમાં જીવ ગુમાવનાર કિસાનોના પરિવારોને આર્થિક મદદ મળશે.શહીદ કિસાનોના પરિવારોને ત્રણ લાખ રૂપિયા આપવામાં આવશે અને આ આર્થિક મદદ પંજાબ હરિયાણા અને દિલ્હીના ૭૦૦ કિસાનોના પરિવારોને આપવામાં આવશે.આ દરમિયાન હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર,દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન હાજર રહેશે.ત્રણેય મુખ્યમંત્રીઓની હાજરીમાં શહીદ કિસાનોના પરિવારોને આર્થિક મદદ આપવામાં આવશે



એ યાદ રહે કે કૃષિ કાનુનને લઈ ચાલેલ આંદોલનમાં સૌથી વધુ પંજાબ હરિયાણા અને દિલ્હીના કિસાનોએ ભાગ લીધો હતો આ દરમિયાન અનેક કિસાનોના મોત પણ થયા હતાં જો કે કેન્દ્ર સરકારે કૃષિ કાનુન પાછો ખેંચી લીધો હતો આથી કિસાનોએ પોતાનું આંદોલન પણ પરત ખેંચી લીધુ હતું. હવે હરિયાણા દિલ્હી અને પંજાબના શહીદ કિસાનોના પરિવારને ત્રણ ત્રણ લાખ રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે સૌથી પહેલા તેલંગણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખરે એ જાહેરાત કરી હતી કે આંદોલન દરમિયાન જીવ ગુમાવનારા કિસાન પરિવારને ત્રણ ત્રણ લાખ આપવામાં આવશે

તાજેતરમાં પંજાબના કિસાનોએ પોતાની અનેક માંગોને લઈ ભગવંત માન સરકારની વિરૂધ્ધ મોરચો ખોલ્યો હતો પ્રદર્શનકારી કિસાનોએ ચંડીગઢ સીમા પર તંબુ તાણ્યા હતાં અને સરકારની વિરૂધ્ધ આંદોલન શરૂ કર્યું હતું ત્યારબાદ પંજાબમાં આમ આદમી પાર્ટીના નેતૃત્વવાળી સરકારે કિસાનોની અનેક માંગોને માની હતી જયારે કિસાનોએ પોતાનું પ્રદર્શન સમાપ્ત કર્યું હતું.

## કાશ્મીરી પંડિતોનું વિરોધ પ્રદર્શન : કાશ્મીરી પંડિતોએ મુંડન કરાવ્યું

શ્રીનગર,

કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા રાહુલ ભટ્ટની હત્યાના ૧૦મા દિવસે અનંતનાગ જિલ્લાના કાશ્મીરી પંડિતોએ મુંડન કરાવીને વિરોધ પ્રદર્શન કર્યું છે. આ ઉપરાંત રાહુલ ભટ્ટના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે. આ સાથે તેમણે એવી પણ માંગ કરી છે કે કાશ્મીર ઘાટીમાં પંડિતોને સુરક્ષા આપવામાં આવે અથવા તેમનું પોસ્ટિંગ જમ્મુમાં કરવામાં આવે.

રાહુલ ભટ્ટની હત્યા બાદ 'જાગો મોદી, જાગો મોદી'ના નારા લાગ્યા હતા. આ મુદ્દે જમ્મુથી લઈને કાશ્મીર સુધી દેખાવો થઈ રહ્યા છે. શનિવારે અનંતનાગ જિલ્લાના મટ્ટન વિસ્તારમાં પંડિતોએ 'જાગો મોદી, જાગો મોદી, રાહુલ તેરે કાતિલ ઝિંદા હૈ,શહીદ રાહુલ ભાઈ અમર રહે' જેવા નારા લગાવ્યા હતા. તેમણે પ્રશ્ન કર્યો કે કેન્દ્ર સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ કાશ્મીરી પંડિતો માટે સુરક્ષિત વાતાવરણ કેમ નથી બનાવી રહ્યા.



વિરોધ કરી રહેલા લોકોએ પણ રાહુલ ભટ્ટની હત્યા માટે જિલ્લા વિકાસ પંચ બડગામ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો. રાહુલ ભટ્ટની પત્નીએ દાવો કર્યો છે કે તેમના પતિએ ઘરની નજીક પોસ્ટિંગની માંગણી કરી હતી, પરંતુ જિલ્લા વિકાસ કમિશનર બડગામે કોઈ ધ્યાન આપ્યું ન હતું. તેમણે રાહુલને દૂરના વિસ્તારમાં પોસ્ટ આપ્યું હતુ અને ત્યા તેમની હત્યા કરવામાં આવી.

મુંડન કરાવ્યા બાદ કાશ્મીરી પંડિત સંજય કૌલે કહ્યું કે 'અમે સ્વેચ્છાએ રાહુલ પંડિત માટે મુંડન કરાવ્યું છે કારણ કે તે બહુ નાની ઉંમરે મૃત્યુ પામ્યો હતો. તેને ૫ વર્ષની દીકરી છે. સરકાર હવે આ મુદ્દે જાગે તેવી માંગીએ છીએ કારણ કે આ નરસંહાર છે. અન્ય કાશ્મીરી પંડિત રંજન જોત્શીએ કહ્યું કે તેઓ આ દુઃખની ઘડીમાં રાહુલના પરિવાર સાથે છે. અમે સરકાર પાસેથી કાશ્મીરી પંડિતોના નક્કર અને કાયમી પુનર્વસનની માંગ કરી રહ્યા છીએ. જ્યા સુધી આ વ્યવસ્થા ન થાય ત્યા સુધી અમે જમ્મુ ટ્રાન્સફર થવા ઈચ્છીએ છીએ.

દસ દિવસ અગાઉ આતંકવાદીઓએ ઓફિસમાં ઘૂસીને બડગામમાં ચદૂરા તાલુકા ઓફિસના ક્લાર્ક રાહુલ ભટ્ટ (૩૫)ને ગોળી મારી દીધી હતી. જેના કારણે તેનું મોત થયું હતું. રાહુલ ૨૦૧૦માં વડાપ્રધાન પુનર્વસન પેકેજ હેઠળ કાશ્મીર પરત ફર્યા હતા. તેઓ પત્ની અને પુત્રી સાથે બડગામ જિલ્લાના પ્રવાસી પંડિત કોલોની શેખપોરામાં રહેતો હતો. આ પેકેજ હેઠળ ૪,૦૦૦ કાશ્મીરી પંડિતો ઘાટીમાં પાછા ફર્યા છે.

## દક્ષિણ ગુજરાતમાં ૨૫ મેથી વરસાદની આગાહી, ગરમીમાં રાહત મળશે

નવસારી,

રાજ્યમાં છેલ્લા ચાર પાંચ દિવસથી કાળઝાળ ગરમીએ પ્રકોપ વરસાવ્યો છે, પરતું રાજય માટે ખુશખબર છે કે ચોમાસું ગુજરાતમાં વહેલું આવશે એવી હવામાન વિભાગે આગાહી કરી છે.

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ગરમીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, રાજયમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૫મી મેથી દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના છે. જયારે રાજ્યભરમાં આગામી ૪-૫ દિવસ સુધી હજુ ગરમીમાં રાહત મળશે અને તાપમાનનો પારો ૨-૩ ડિગ્રી સુધી ઘટવાની ધારણા છે.

દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તથા ડાંગ જિલ્લાઓમાં હળવો વરસાદ પડવાની આગાહી છે. જયારે કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ સામાન્ય વરસાદ થઈ શકે છે. અમદાવાદમાં આ દરમિયાન તાપમાનનો પારો ૪૧ ડિગ્રી



આસપાસ રહેવાનો અંદાજ છે.ગુજરાતમાં સામાન્ય ચોમાસું રહે તેવું અનુમાન છે. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થા સ્કાયમેટ પ્રમાણે, ગુજરાતમાં હજુ મે મહિનાના અંત સુધી કાળઝાળ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે, પરંતુ એમાં સાધારણ વધારો-ઘટાડો નોંધાતો જોવા મળશે. કેરળમાં ૨૬ મેથી ચોમાસાનું આગમન થઈ શકે છે. આ સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૧૦થી ૧૫ જૂન વચ્ચે અને ૧૫થી ૨૦ જૂન વચ્ચે રાજયના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાનું આગમન થઈ શકે છે.

## વડાપ્રધાન મોદી જાપાનની મુલાકાત દરમિયાન ૨૩ કાર્યક્રમોમાં ભાગ લેશે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્વાડ સમિટમાં ભાગ લેવા માટે ૨૩ અને ૨૪ મેના રોજ સત્તાવાર મુલાકાતે જાપાન જશે. પીએમ મોદીની આ મુલાકાત ખૂબ જ વ્યસ્ત અને ખાસ રહેવાની છે. ૪૦ કલાકના આ પ્રવાસમાં પીએમ મોદી ૨૩ કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ જાપાનમાં અમેરિકી રાષ્ટ્રપતિ, જાપાન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. આ સાથે તેઓ ત્યાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનમાં લગભગ ૪૦ કલાકના રોકાણમાં વિશ્વના ત્રણ નેતાઓ સાથેની બેઠકો સહિત ૨૩ કાર્યક્રમોમાં હાજરી આપશે. જ્યાં તેઓ ૨૪ મેના રોજ ટોક્યોમાં યોજાનારી ક્વાડ સમિટમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને ઓસ્ટ્રેલિયા અને જાપાનના વડાપ્રધાનો સાથે જોડાશે. શનિવારે માહિતી આપતાં ભારતીય વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું કે, પીએમ મોદી આ દરમિયાન જાપાનના વડાપ્રધાનને મળશે. ભારત-જાપાનના



વિશેષ, વ્યૂહાત્મક અને વૈશ્વિક સંબંધોમાં ગતિ જોવા મળી છે

ટોક્યોમાં બંને દેશોના પીએમ વેપાર અને રોકાણ, સ્વચ્છ ઉર્જા, પૂર્વોત્તરમાં સહકાર સહિત દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવવા પર ચર્ચા કરશે. મોદી તેમની મુલાકાત દરમિયાન વ્યાપારી, રાજદ્વારી અને સમુદાય સાથે વાતચીત કરશે. તેઓ ઓછામાં ઓછા ૩૬ જાપાની સીઈઓ અને સેંકડો ભારતીય વિદેશી સભ્યો સાથે વાતચીત કરશે. સૂત્રોએ જણાવ્યું કે વડાપ્રધાન એક રાત ટોક્યોમાં અને બે રાત પ્લેનમાં જશે. તમને જણાવી દઈએ કે આ ક્વોડ સમિટ એવા સમયે યોજાઈ રહી છે જ્યાં રશિયા અને યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.

## કાશ્મીરમાં વિકાસ, શાંતિ અને સમૃદ્ધિના નવા યુગની શરૂઆત : આર્મી ચીફ જનરલ

શ્રીનગર,

આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ કહ્યું કે આ કાશ્મીરમાં વિકાસ, શાંતિ અને સમૃદ્ધિના નવા યુગની શરૂઆત છે. તેથી અંકુશ રેખા પરના સૈનિકોએ સતર્ક રહેવું જોઈએ. આર્મી ચીફ ચાર્જ સંભાળ્યા બાદ બે દિવસની મુલાકાતે પ્રથમ વખત શ્રીનગર પહોંચ્યા હતા.

સૈન્યના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, સેના પ્રમુખે ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એલઓસી પર આગળની પોસ્ટ પર પહોંચ્યા પછી સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે આતંકવાદ વિરોધી મોરચે કરવામાં આવેલી તૈયારીઓ અને દુશ્મનોની નાપાક ગતિવિધિઓને રોકવા માટે લેવામાં આવેલા પગલાં વિશે પણ પૂછપરછ કરી હતી.

આર્મી ચીફને નિયંત્રણ રેખા પર ચાલી રહેલા યુદ્ધવિરામ કરાર, ઘૂસણખોરી વિરોધી ગ્રીડ, ઓપરેશનલ તૈયારીઓ અને સરહદી વિસ્તારોમાં નાગરિકો સાથેના સંબંધો વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ દરમિયાન તેમણે સૈનિકોને સતર્ક રહેવા, નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ વધારવા અને દુશ્મનોની હિલચાલ પર ચાંપતી નજર રાખવા પર ભાર મૂક્યો હતો.

આર્મી ચીફે સૈનિકો સાથેની વાતચીત દરમિયાન તેમના ઉચ્ચ મનોબળ અને વ્યાવસાયિકતા માટે તેમની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે અણગમતી પરિસ્થિતિમાં પણ તેઓ સરહદની રક્ષા માટે હંમેશા ઉભા રહે છે. ચિનાર કોર્પ્સ હેડક્વાર્ટર પર પહોંચ્યા પછી, પાંડેને કોર્પ્સ કમાન્ડર એડીએસ ઔજલા દ્વારા નિયંત્રણ રેખા અને અંતરિયાળ વિસ્તારની સમગ્ર સુરક્ષા સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી હતી. આર્મી ચીફે કાશ્મીરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં ચિનાર કોર્પ્સની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો કર્યા બાદ હવે સ્ટીલ-સિમેન્ટના ભાવમાં પણ ઘટાડો થશે!

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે પેટ્રોલ પરની સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટીમાં પ્રતિ લિટર ૮ રૂપિયા અને ડીઝલ પર ૬ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કર્યો છે. આ ઘટાડા બાદ પેટ્રોલ ૯.૫ રૂપિયા પ્રતિ લીટર સુધી સસ્તું થશે જ્યારે ડીઝલની કિંમતમાં ૭ રૂપિયા પ્રતિ લીટર સુધીનો ઘટાડો થશે. આ ઉપરાંત સરકારે સિમેન્ટ, સ્ટીલ અને લોખંડ પર પણ મહત્વનો નિર્ણય લીધો છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે કિંમતોને નિયંત્રિત કરવા માટે સરકાર લોખંડ, સ્ટીલ અને તેના કાચા માલ પરની કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર કરશે.

"અમે કાચા માલસામાન અને વચેટિયાઓની કિંમતો ઘટાડવા માટે લોખંડ અને સ્ટીલની કસ્ટમ ડ્યુટી ઘટાડી રહ્યા છીએ. કેટલાક સ્ટીલના કાચા માલ પરની આયાત ડ્યુટી ઘટાડવામાં આવશે. ચોક્કસ સ્ટીલ ઉત્પાદનો પર નિકાસ ડ્યુટી વસૂલવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું કે સરકારે



પ્લાસ્ટિક ઉત્પાદનો માટે કાચા માલ અને મધ્યસ્થીઓ પરની કસ્ટમ ડ્યુટી ઘટાડવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય કે આ મામલામાં ભારતની આયાત નિર્ભરતા વધારે છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણના જણાવ્યા અનુસાર, સિમેન્ટની કિંમત ઘટાડવા માટે વધુ સારી લોજિસ્ટિક્સનો આશરો લેવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે સિમેન્ટની ઉપલબ્ધતા સુધારવા માટે ધોરણો લાગુ કરવામાં આવી રહ્યા છે. તેનાથી ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે.

## રાષ્ટ્રપતિ બિડેન, માર્ક ઝકરબર્ગ, હોલીવુડ અભિનેતા મોર્ગન ફ્રીમેન સહિત ૯૬૩ લોકોના રશિયામાં પ્રવેશ પર પ્રતિબંધ

મોસ્કો,

રશિયા-યુક્રેન યુદ્ધમાં વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચે તણાવ વધી રહ્યો છે. બંને દેશો એકબીજાના અગ્રણી લોકોને તેમના દેશમાં પ્રવેશવા કે વેપાર કરવા પર પ્રતિબંધ લગાવી રહ્યા છે. શનિવારે, રશિયાએ અમેરિકાના લગભગ એક હજાર લોકો પર પ્રતિબંધો લાદ્યા. રશિયાએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન, ફેસબુક બોસ માર્ક ઝુકરબર્ગ, હોલીવુડ અભિનેતા મોર્ગન ફ્રીમેનને તેમના દેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. શનિવારે રશિયાએ ૯૬૩ અગ્રણી અમેરિકનોની યાદી જાહેર કરી છે જેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો



છે. અમેરિકા દ્વારા મોસ્કો પર લગાવવામાં આવેલા પ્રતિબંધોના જવાબમાં રશિયાએ આ પગલું ભર્યું છે. અમેરિકાએ પ્રમુખ રશિયન લોકોના વોશિંગ્ટનમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

રશિયાના વિદેશ મંત્રાલયની વેબસાઈટ પર પ્રકાશિત કરાયેલી યાદીમાં અમેરિકી સરકારી અધિકારીઓ, ધારાશાસ્ત્રીઓ અને અન્ય અગ્રણી વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે જેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મોસ્કોએ સૂચિમાંના ઘણા લોકોને નિશાન બનાવીને પ્રતિબંધોની જાહેરાત કરી દીધી છે. ખાસ કરીને જો બિડેન, તેમના સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની બ્લિંકન, પેન્ટાગોન ચીફ લોયડ ઓસ્ટિન અને માર્ક ઝકરબર્ગ. મોર્ગન ફ્રીમેન, જેમનું નામ અગાઉ રશિયન અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યું ન હતું, મોસ્કો દ્વારા ૨૦૧૭ માં એક વીડિયો રેકોર્ડ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો જેમાં તેણે દાવો કર્યો હતો કે રશિયા યુએસ વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યું છે.

રશિયન વિદેશ મંત્રાલયે કહ્યું કે પ્રતિબંધો જરૂરી છે અને તેનો હેતુ અમેરિકાને દબાણ કરવાનો છે જે વિશ્વમાં નિયો-વસાહતી 'વર્લ્ડ ઓર્ડર' લાદવાનો પ્રયાસ કરી રહ્યું છે. રશિયાએ કહ્યું કે મોસ્કો હંમેશા પ્રમાણિક વાતચીત માટે તૈયાર છે. અમેરિકાના લોકો અને અધિકારીઓને રુસોફોબિયા થઈ ગયો છે. યુક્રેનમાં આક્રમણથી, મોસ્કોએ રશિયાના સેંકડો એંગ્લો-સેક્સન પર પ્રતિબંધ મૂક્યો છે. શનિવારે, તેણે કહ્યું કે તેણે કેનેડિયન વડા પ્રધાનની પત્ની સોફી ટૂડો સહિત ૨૬ વધુ કેનેડિયનો પર પ્રતિબંધ મૂક્યો છે.

## દેશમાં કોરોનાના નવા ૨,૨૨૬ કેસ, ૬૫ દર્દીઓના મોત

નવીદિલ્હી,

ગઈકાલ કરતાં આજે દેશમાં કોવિડના ઓછા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૨૨૬ નવા કેસ નોંધાયા છે. ગત દિવસે કોરોનાના ૨૩૨૩ નવા કેસ નોંધાયા હતા. જો આ દ્દષ્ટિકોણથી જોવામાં આવે તો, આજે કોરોનાના કેસોમાં થોડો ઘટાડો થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાં સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા ૧૪ હજારથી વધુ છે.છેલ્લા ૨૪ કલાકમાં ૬૫ દર્દીઓના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૨૨૦૨ લોકો સંક્રમણથી સાજા પણ થયા છે, જે બાદ અત્યાર સુધીમાં કોરોનાથી સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૪,૨૫,૯૭,૦૦૩ થઈ ગઈ છે. તે જ સમયે, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચએ કહ્યું કે શનિવારે દેશમાં કોરોના વાયરસ માટે ૪,૪૨,૬૮૧ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ દેશમાં સેમ્પલ ટેસ્ટિંગનો આંકડો હવે ૮૪.૬૭ કરોડ ૮૪,૬૭ પર પહોંચી ગયો છે. ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

## પાણીની કમીને લઈ હરિયાણા અને દિલ્હી સરકારમાં તકરાર વધી

નવીદિલ્હી,

પાટનગરમાં પાણીની કમીને લઈ હરિયાણા અને દિલ્હી સરકારમાં તકરાર વધી રહી છે.જયાં તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે દિલ્હીના અધિકારનું પાણી હરિયાણા લઈ જઈ રહ્યું છે ત્યારે હવે હરિયાણાના મુખ્યમંત્રી મનોહરે તેમના પર પલટવાર કર્યો છે. મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટે કહ્યું કે દિલ્હીના લોકો પાણીની કમીની વાત કરે છે અમારૂ કહેવું છે કે પાણીની કમીને પુરી કરવાની છે તો જવાબદારી માત્ર હરિયાણાની જ નહીં પરંતુ તેમની પણ છે અત્યાર સુધી આપની પાસે ફકત દિલ્હી હતી હવે તેમની પાસે પંજાબ પણ આવી ગયું છે અને પંજાબ હરિયાણાનો વર્ષોનો વિવાદ છે. મુખ્યમંત્રી ખટ્ટરે કહ્યું કે જો આ તે વિવાદને ખતમ કરે છે અને સાડા ત્રણ એમએએફ પાણી અમને પુરૂ મળી જાય તો હું વચન આપુ છું કે દિલ્હીને વધુ પાણી આપવું પડશે તો આપીશ અમે અમારા લોકોને પ્યાસા મારી તેમને પાણી પુરવઠો આપીએ આ ન્યાય નથી. દિલ્હી સરકાર તરફથી એ કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં પાણીની કમી એટલા માટે વધી ગઈ છે કારણ કે યમુનાનું પાણી સુકાઈ ગયુ છે અને તેનું સૌથી મોટું કારણે હરિયાણા દ્વારા દિલ્હીના હકનું પાણી નહીં છોડવાનું છે આથી હરિયાણા સરકારને પત્ર લખવામાં આવ્યો છે અને હરિયાણા સરકારથી તાકિદે પાણી રિલીજ કરવાની માંગ પણ કરી છે.તેમણે કહ્યું હતું કે જો સ્થિતિ આવી જ રહી તો આગળ પાણીની કમી વધી શકે છે. એ યાદ રહે કે તાજેતરના દિવસોમાં યમુના નદીનું જળ સ્તર એટલું નીચે આવી ગયું છે કે નદીનો મોટાભાગનો હિસ્સો ખાલી મેદાનમાં ફેરવાઈ ગયો છે યમુના નદી સુકાઈ જવાને કારણે દિલ્હીમાં પાણીની સપ્લાઈ પર પણ તેની મોટી અસર જોવા મળી રહી છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દાહોદના કુકડાચોક (વલ્લભચોક) ખાતે નજીવી બાબતે ચાકુના ઘા ઝીંકી હત્યા કરાઈ



દાહોદ,
દાહોદ શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા એવા કુકડાચોક (વલ્લભચોક) ખાતે સમી સાંજે સાવ નજીવી બાબતે ઉપરા છાપરી ચાકુના ઘા ઝીકી એક ઈસમની નિર્મમ હત્યાં કરી દેતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યું છે. સામાન્ય રીતે ટ્રાફિક જામનો અકસ્માતનુ નજીવું કારણ હત્યાં માટે દર્શાવાઈ રહ્યું છે. ત્યારે પ્રત્યક્ષ દર્શિયો અને ઘટના સ્થળે ઉમટી પડેલા લોકટોળાએ આ હત્યાં ટાર્ગેટ કિલિંગ હોવાનું કે કોઈ અદાવતે થયાં હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. ત્યારે પોલીસ માટે પણ આ હત્યાં સોપારી લઈને કરાઈ છે. કે કેમ.? તે ઘનિષ્ટ તપાસનો વિષય બની જવા પામેલ છે. જોકે પોલીસે CCTV ફૂટેજ મળી આવેલો બાઈક નંબરના આધારે તલસ્પર્શી તપાસ હાથ ધરી છે. ત્યારે હત્યાં સંદર્ભે તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

મળતી માહિતી મુજબ આજે સમી સાંજે ૬ ના સુમારે ઉચવાણીયા વાળા રોડ હમીદી મોહલ્લાના રહેવાસી યુનુસભાઈ અકબરભાઈ હમિદ (ખાટી ભાજી) એમ જી રોડ થઈ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે ગોધરા રોડ તરફથી એક મોટરસાઈકલ સવાર પસાર થઈ રહ્યો હતો. તે સમયે યુનુસભાઈની મોટરસાઈકલ અને ગોધરારોડ તરફથી આવતી મોટરસાઈકલ કુકડાચોક (વલ્લભ ચોક) પર અથડાઈ હોવાનું કેહવાઈ રહ્યું છે. આ સમયે બન્ને બાઈક ચાલકો વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હોવાનું કેહવાઈ રહ્યું છે.અને તે સમયે ગોધરા રોડથી આવતા ઈસમે પોતાના પેન્ટમાં સંતાડી રાખેલા છરો કાઢી યુનુસભાઈના પેટમાં ને છાતીના ભાગે ઉપરા છાપરી ઘા ઝીકી દેતા યુનુસભાઈ સ્થળ પર જ ફસડાઈ ને જમીન પર પડ્યા હતા. તો ખુબજ આક્રોશમાં જણાતા હુમલાખોરે યુનુસભાઈના પેટમાં તેમજ મોઢાના ભાગે લાતો પણ મારી હોવાનું જાણમાં આવ્યું છે. બનાવની ગંભીરતા જોતા અફરાતફરીના માહોલ વચ્ચે ટ્રાફિકથી સતત ધમધમતા ઘટના સ્થળની આજુબાજુની દુકાનો ટપોટપ બંધ થઈ જવા પામી હતી. તો ગણતરીની સેકન્ડોમાં કોઈક કંઈક સમજે તે પહેલા જ હત્યારો ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. આ સબન્ધે વાયુવેગે નગરમાં વાત ફેલાતા બનાવ સ્થળે ભારે લોકટોળા ઉમટી જવા પામ્યા હતા. જ્યારે બનાવ સ્થળે આવી પહોંચેલી પોલીસે હુમલાનો ભોગ બનેલા યુનુસભાઈ ને સારવાર અર્થે જનરલ હોસ્પીટલ ખાતે મોકલી દેવાયા હતા. જ્યા ફરજ પરના તબિબોએ યુનુસભાઈને મૃત જાહેર કર્યો હતો. આમ સમી સાંજે બનેલા હત્યાંના બનાવથી સમગ્ર પંથકમાં એક પ્રકારના ભય સાથે હાહાકાર મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના કુકડાચોકમાં બનેલા કરપીણ હત્યાંના બનાવમાં પોલીસને અત્યંત મહત્વની કડીઓ મળી હોવાનું પોલિસના જ અંતરંગ વર્તુળ દ્વારા જાણમાં આવ્યું છે. ભરબજારે બેરહેમીમીથી ફિલ્મી ઢબે ઉપરાછાપરી ચાકુના ઘા ઝીકી કરાયેલી હત્યાં સંદર્ભે પ્રાપ્ત કડીઓ પૂર્તતા કરવાનાં હેતુસર પોલીસે અલગ અલગ દિશાઓમાં તપાસનો દોર લંબાવ્યો છે. તો ઘટના સ્થળે ડોગ સ્કવોડ અને FSL ની ટીમે પણ તપાસ હાથ ધરી હતી. તથા સંયોગિક પુરાવા માટે જરૂરી સેમ્પલો એકત્ર કર્યા હતા. તપાસમાં જોતરાયેલી પોલીસે હત્યારો જે બાઈક પર સવાર હતો. તે બાઈક તથા હત્યારાના પિતાશ્રીએ પોતાની મોટર કાર હાઈવે પર છોડી હતી. ત્યાંથી કબ્જે લઈ હાઈવેની હોટલો તેમજ દાહોદથી બહાર નીકળવાના તમામ રસ્તાઓ પર લાગેલા ઈઈઝટ ફૂટેજ ખંગાળવાની તજવીજ હાથ ધરી છે. એટલું જ નહિ હત્યારો મુસ્તુફા સાકીર ઉર્ફે બાદશાહ શેખના સંપર્કમાં રહેલા અને કેટલાક સંદિગ્ધ ગણાતા તથા કેટલાક શંકાસ્પદ ઈસમો ને રાઉન્ડઅપ કરી પૂછપરછ હાથ ધરી હતી. યુનુસભાઈની હત્યાંમાં માત્ર અકસ્માતનું બહાનું બનાવ્યાનું તલસ્પર્શી તપાસમાં બહાર આવ્યું હોવાનું આધારભુત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પોલીસને પ્રાપ્ત મહત્વની કડીમાં હત્યારો આરોપી પકડાશે ત્યારે જ સિલસિલાબંધ વિગતો સામે આવવાનો અનુમાન છે. ત્યારે મળતી માહિતી મુજબ આ હત્યાં પૂર્વયોજીત કાવતરૂ હોવાનું પણ કેહવાઈ રહ્યું છે. જોકે આ તમામ ઘટનાક્રમની સાથે મરણજનાર યુનુસભાઈની બપોરે દફનવિધિ કરવામાં આવી હતી.

# લીમડી નગરમાં ગોધરા રોડ પર આવેલા મોઢીયાવાડ લાગી આગ



ઝાલોદ,
ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેણાક વિસ્તારમાં એક કરિયાણાની દુકાનમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. અને જોતજોતામાં આગની અગન જ્વાળાઓએ વિકરાળ રૂપ ધારણ કરતા કરિયાણાની દુકાનમાં મુકેલો સમગ્ર સામાન આગની લપટોમાં બળીને રાખ થઈ જવા પામ્યો હતો. તેમજ આગની ઘટનાના પગલે જીઈબી દ્વારા વીજ પુરવઠો બંધ કરવાની ફરજ પડી હતી. તેમજ લીમડી થી લીમખેડા જવાનો માર્ગ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો. જોકે આ આગના બનાવમાં સદ્નસીબે કોઈ જાનહાની બનવા પામી ન હતી. જ્યારે અગ્નિશામક દળ એ ઘટના સ્થળે પહોંચી આગને ઓલવવાની કામગીરીમાં જોડાયા હતા.

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલા મોઢીયાવાડ વિસ્તારમાં સતીશભાઈ મોઢીયાની કરીયાણાની દુકાન તેમજ ગોડાઉનમાં સાંજના સમયે અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. અકસ્માતે લાગેલી આગના બનાવમાં કોઈ કંઈક સમજે તે પહેલા આગની લપટોએ વિકરાળ રૂપ ધારણ કરતાં સમગ્ર દુકાન તેમજ ગોડાઉન આગની જ્વાળાઓમાં જકડાઈ જતા કરિયાણાની દુકાનમાં મુકેલો સરસામાન બળીને રાખ થઈ જતા દુકાન માલિકને લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યાનું જાણવા મળે છે.

જોકે આગની બનાવની જાણ ઝાલોદ તેમજ દાહોદ અગ્નિશામક દળ તેમજ સ્થાનિક પોલીસને કરાતા અગ્નિશામક દળની ગાડીઓ ઘટના સ્થળે જવા માટે રવાના કરાઈ હતી. આગની બનાવની જાણ વાયુવેગે લીમડી નગરમાં પ્રસરતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે સ્થાનિક પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી હતી. તેમજ આગના બનાવના પગલે લીમડી થી લીમખેડા જતા માર્ગને કરવાની ફરજ પડી હતી. સાથે સાથે ટોળાને વેરવિખેર કરવાની કામગીરીમાં જોડાયા હતા. સમાચાર લખાય છે ત્યાં સુધી ઘટના સ્થળે પહોંચેલી ઝાલોદ તેમજ દાહોદ અગ્નિશામક દળના લાશ્કરોએ આગ પર પાણીનો મારો ચલાવી આગ ઓલવવાની કામગીરીમાં જોતરાયા હતા.

## દાહોદ તાલુકાના વિજાગઢમાં છ માસ પહેલા પ્રેમ લગ્ન કરેલા દંપતીએ જીવન ટૂંકાવ્યું



દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વીજાગઢ ગામે છ માસ પહેલા જ પ્રેમ લગ્ન કરનાર દંપતિએ અગમ્યકારણોસર ગામમાં આવેલ કુવામાં ઝંપલાવી મોત વ્હાલુ કરતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો અને પોલીસે બંન્નેના મૃતદેહોને નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યાં હતાં.

ગત તા.૨૦મી મેના રોજ વહેલી સવારના અગીયારેક વાગ્યાના આસપાસ ગામમાં રહેતાં હેમાંગભાઈ (હાર્દિકભાઈ) (ઉ.વ. ૨૦) અને તેમની પત્નિ સાધનાબેન (ઉ.વ. ૨૨) એમ બંન્ને જણાએ અગમ્યાકારણોસર ગામમાં આવેલ એક કુવામાં ઝંપલાવ્યું હતું. ઘટનાની જાણ પરિવારજનોને થતાં પરિવારજનો ઘટના સ્થળે દોડી ગયાં હતાં. યુવક અને યુવતીના પરિવારજનોમાં ઘટના સ્થળ પર આક્રંદનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ બંન્નેના મૃતદેહોને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યાં હતાં. છ માસ પહેલા જ પ્રેમલગ્ન કરનારા આ દંપતિએ કયાં કારણોસર આત્મહત્યા કરી તેનું હાલ સુધી સાચુ કારણ જાણવા મળ્યું નથી.

આ સંબંધે મૃતક યુવક હેમાંગભાઈ (હાર્દિકભાઈ) ના પિતા રાકેશભાઈ કેશવભાઈ સોલંકીએ જેસાવાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે આ સંબંધે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ શહેરના વોર્ડ નં-૬ સાથે ઉરમાયુ વર્તન રાખીને વિકાસના કાર્યોથી વંચિત કેમ રાખવામાં આવે છે

દે.બારીઆ,
દે.બારીઆ નગરપાલિકા દ્વારા હાલમાં અનેક વિકાસના કાર્યો શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ વોર્ડ નં-૬ લઘુમતિ વિસ્તાર હોવાના નાતે ઓરમાયુ વર્તન કરવામાં આવે છે. તમામ વિકાસના કાર્યો સૌથી છેલ્લે કરવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ નગરપાલિકામાં લઘુમતિના કુલ ૬ વોર્ડ છે. તેમાં ૨૪ સભાસદોમાંથી એક ડજન સભાસદો લઘુમતિ વિસ્તારમાંથી ચુંટાઈને આવેલા છે. આ ત્રણ વોર્ડના લઘુમતિ સભાસદો ભાજપમાં જોડાઈ ગયા છે. તેમ છતાં આ લઘુમતિ વિસ્તારોમાં વિકાસના કાર્યો કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. હાલમાં ટાઈમર સ્ટ્રીટ લાઈટોના પોલ શહેરના અનેક વિસ્તારોમાં ઉભા થઈ ચુકયા છે. એની સામે વોર્ડ નં-૧/૨ અને ૬ કસ્બા સ્ટ્રીટ ટાઈમર લાઈટોના થાંભલા નંખાયા નથી. બાર વોર્ડ સભાસદોમાંથી ૧૧ સભાસદો તો ભાજપની બોડી રચવામાં જ પોતાનુ યોગદાન આપ્યો છે શુ...?વિકાસના કાર્યો ન કરવાની શર્તે પોતાની ભાજપની બોડી રચવામાં આપ્યો હતો તે યશ પ્રશ્ન છે. આવનારી ચુંટણીમાં આ તમામ બિકાઉ વોર્ડ મેમ્બરોને સબક શીખવાડવા માટે મત બતાવી લીધો છે. એકશનનુ રિએકશન થાય તે પહેલા આ લઘુમતિ વિસ્તારોમાં વિકાસના બાકી કાર્યો શરૂ કરવામાં આવે તેવી લઘુમતિ વિસ્તારની આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## દે.બારીઆ શહેરમાં મંગળવારે લાઈટનો પ્રવાહ બંધ રહેશે

દે.બારીઆ,
દે.બારીઆ શહેરના ૬૬ કે.વી.પાવર હાઉસમાં પ્રિમોન્સુન માટે પુર્વ તૈયારીઓને દયાને લઈને સમારકાર્ય કરવાનુ હોવાથી તા.૨૪/૦૫/૨૦૨૨ મંગળવારના રોજ સવારના ૬ કલાકેથી બપોરે ૨ વાગ્યા સુધી વીજપ્રવાહ બંધ રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર એમ.જી.વી.સી.એલ.ના સુત્રો અનુસાર દે.બારીઆ શહેરના ૬૬ કે.વી.સબસ્ટેશનની મશીનરીનુ સમારકાર્ય આગલા મોન્સુન પુર્વેની તૈયારીઓને અનુલક્ષીને સમારકાર્ય હાથ ધરવામાં આવશે જેથી ૨૪/૦૫/૨૦૨૨ના મંગળવારે વિજપ્રવાહ બંધ રહેશે જેની દે.બારીઆ તાલુકાની આમ જનતાને જાણ કરવામાં આવે છે.

# ફતેપુરા તાલુકાની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષણ દંપતીનું ભગીરથ કાર્ય



ફતેપુરા,
ફતેપુરા તાલુકાના પાટવેલ તેમજ આપતલાઈ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષણ દંપતિ ડામોર રાકેશભાઈ તેમજ તેમના ધર્મ પત્ની હીનાબેન અમલીયાર છેલ્લા કેટલાય સમયથી પાટવેલ તેમજ આપતલાઈ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવી રહ્યા છે પરંતુ હાલ શાળામાં વેકેશન ચાલી રહ્યું છે ત્યારે વેકેશનનો સદુપયોગ કરીને પોતાના માદરે વતન પોતાના ઘરની આજુબાજુ રહેતા બાળકોને પોતાના ઘરે બોલાવી નોટ ચોપડા પેન્સિલ પુસ્તક આપી જરૂરી શિક્ષણ પુરૂ પાડી રહ્યા છે ત્યારે આવું ભગીરથ કાર્ય કરતા પોતાના વતનના લોકો તેમના કામને બિરદાવી હર્ષની લાગણી અનુભવી રહ્યા છે પોતાના વતન થી ૩૦ થી ૩૫ કિલોમીટર દૂર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષણ દંપતીને ઉનાળુ વેકેશન દરમિયાન નવરાશની પળોમાં કંઈક કરી છુટવાની ભાવના ના કારણે તેમને પોતાના વતનના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેમજ જરૂરી શિક્ષણ પૂરૂ પાડવા બંને પતિ-પત્નીને વિચાર આવતા વતન ની આજુબાજુ ના બાળકોને ઘરે ઘરે જઈ શિક્ષણ કાર્ય નો લાભ લેવા માટે આમંત્રણ આપી આવતા આજુ બાજુ થી મોટી સંખ્યામાં બાળકો શિક્ષણ લેવા માટે શિક્ષણ દંપતીના ઘરે આવતા બાળકોને જરૂરી નોટ પેન્સિલ ચોપડા પુસ્તક વગેરે વિનામૂલ્યે આપીને જરૂરી શિક્ષણ પૂરૂ પાડવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે આવો ભગીરથ કાર્ય કરતા આજુબાજુના લોકોએ તેમના કામને બિરદાવ્યું હતું.

સંતરામપુર તાલુકાના પાદેડી અડુર ગામે અંતરિયાળ વિસ્તારમાં આદિવાસી બાળકોને મફતમાં શિક્ષણ આપવાની અનોખી પ્રેરણા જોવા મળેલી છે સ્થાનિક ગામના શિક્ષકમાં ફરજ બજાવતા ડામોર રાકેશભાઈ હીનાબેન કોકીલાબેન ભમાત જીગર ડામોર વિશાખા ડામોર પ્રસન ડામોર તમામ ભેગા મળીને ધોરણ એક થી ૮ સુધીના તમામ અભ્યાસક્રમો તમામ સ્ટેશનરી પૂરી પાડીને ૭૦ જેટલા બાળકોને વેકેશન દરમિયાન શિક્ષણ પૂરૂ પાડે છે આ રીતે અનોખી પ્રેરણા જોવા મળેલી છે હવે ધીરે ધીરે આદિવાસી સમાજમાં પણ સેવા પ્રવૃત્તિ કાર્યક્રમમાં અગ્રેસર જોઈ રહ્યા છીએ આ રીતની કાર્ય શરૂ કરતા દાહોદ જિલ્લાના ડીપીઓ શિક્ષણ અધિકારી ફતેપુરા ફરજ બજાવતા શિક્ષકો ની રાકેશભાઈ ડામોર ની ફોન દ્વારા તમને શુભેચ્છા અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી બુકલેટ બહાર પાડી શિક્ષણની આ બાળકો માટે ઉપયોગ કરવાથી શિક્ષણ વધાર્યું હતું.

## દાહોદ જિલ્લામાં મેગા વેક્સિનેશન કેમ્પ અંતર્ગત ૧૬૬ કોવીડ વેક્સિનેશન સેન્ટર ખાતે મોટી સંખ્યામાં લોકોએ લીધી કોવીડ વેક્સિન

દાહોદ,
દાહોદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર તેમજ ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલ ખાતે આજે રવિવારે કોવીડ મેગા વેક્સિનેશન કેમ્પ યોજાયો છે. કોવીડ મેગા વેક્સિનેશન કેમ્પમાં આજે મોટી સંખ્યામાં નાગરિકોએ વેક્સિન લીધી છે. જિલ્લાના ૧૬૬ જેટલા કોવીડ વેક્સિન સેન્ટર ઉપર આ મેગા કેમ્પ યોજાઈ રહ્યો છે. કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીએ આ મેગા વેક્સિન કેમ્પમાં સૌ વેક્સિન માટે લાયક નાગરિકોને સત્વરે વેક્સિન લઈ લેવા અપીલ કરી છે. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આજના મેગા કેમ્પ અંતર્ગત ઝાયડસ ખાતેના વેક્સિન સેન્ટર ઉપર પ્રિકોશન ડોઝ લીધો હતો. તેમણે જણાવ્યું કે, કોરોના સામે વેક્સિન એ સર્વોત્તમ ઉપાય છે. સૌ ૧૨ વર્ષથી ઉપરના નાગરિકો જેમણે વેક્સિનના પ્રથમ, બીજો કે ૬૦થી વધુ વયજુથના પ્રીકોશન ડોઝ બાકી હોય તેઓ સત્વરે વેક્સિન લઈ લે અને કોરોના સામે સુરક્ષિત થઈ જાય.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આજના કોવીડ મેગા વેક્સિનેશન કેમ્પ અંતર્ગત જનઅપીલ કરતા જણાવ્યું કે, હજુ કોરોના ગયો નથી. આપણે સત્વરે કોરોના સામે વેક્સિન લઈને સુરક્ષિત થઇ જવું જોઈએ. જિલ્લાના ૧૨ થી ૧૪ વર્ષના બાળકો માટે પ્રથમ-બીજો ડોઝ, ૧૫ થી ૧૭ વર્ષના બાળકો માટે બીજો ડોઝ, તેમજ હેલ્થ કેર વર્કસ, ફ્રન્ટલાઈન વર્કસ તેમજ ૬૦ વર્ષથી વધુ વયજુથમાં આવતા વ્યક્તિઓ માટે પ્રિકોશન ડોઝ લઈ લેવા અપીલ કરૂ છું.

આ કોવીડ મેગા વેક્સિનેશન કેમ્પમાં કલેક્ટર ડો. ગોસાવી ઝાયડસ ખાતેના વેક્સિનેશન કેમ્પ ખાતે ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રિકોશન ડોઝ લીધો હતો અને નાગરિકોને વેક્સિન લેવા માટે અપીલ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી દાહોદના અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨ સેન્ટર ખાતે ઉપસ્થિત રહ્યાં હતા અને નાગરિકોને વેક્સિન લઈ લેવા જણાવ્યું હતું.

## ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર સાહસિકો દ્વારા "સમાન કામ સમાન વેતન" અંતર્ગત દંડક રમેશભાઈ કટારાને આવેદન આપ્યું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર સાહસિકો દ્વારા "સમાન કામ સમાન વેતન" અંતર્ગત દંડક રમેશભાઈ કટારાને આવેદન આપ્યું. કોમ્પ્યુટર સાહસિકો ગ્રામ પંચાયત માં ઇ-ગ્રામ યોજના હેઠળ કામગીરી કરે છે. જેઓ દ્વારા સમાન કામ સમાન વેતન ની માંગણી માટે ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય અને વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા ને રવિવારના રોજ આવેદનપત્ર આપ્યું હતું. જે બાબતે દંડક દ્વારા મુખ્યમંત્રી ને ભલામણ પત્ર લખ્યો હતો. ગુજરાત રાજયમાં ૧૩૦૦૦ જેટલા કોમ્પ્યુટર સાહસિકો ગ્રામ પંચાયતોમાં ઇ ગ્રામ યોજના હેઠળ કામગીરી કરે છે. જેઓએ પોતાની માંગણીઓ બાબતે રવિવારના રોજ દંડક અને ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા ને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવાયું હતું કે કમિશન પ્રથા બંધ કરીને ફિક્સ વેતન પ્રથા લાગુ કરવામાં આવે, ૧૬ વર્ષથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓ ને સરકારી લાભો આપવામાં આવે, કોરોના મહામારીમાં મરણ પામેલા કર્મચારીઓ ને આર્થિક સહાય આપવામાં આવે જે બાબતની માંગણીઓ સ્વીકારવા માટે રજૂઆત કરાઈ હતી. જે આવેદન અનુસંધાને ધારાસભ્ય રમેશભાઈ કટારાએ રાજ્યના કોમ્પ્યુટર સાહસિકોની માંગણીને ધ્યાને લઈ વહેલી તકે નિરાકરણ લાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને ભલામણ પત્ર લખ્યો હતો.

## ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે લવજિહાદના મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે તા.૨૬-૦૪-૨૦૨૨ નાં રોજ જમાલુદીન પઠાણના કુટુંબીક સભ્ય દ્વારા ગામની હિન્દુ યુવતિનું અપહરણ કરી જવાની ઘટના બની હતી જોકે આ ઘટના બન્યા બાદ સ્થાનિક ગ્રામજનો તેમજ વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવતા તંત્ર દ્વારા બંનેને દિલ્હીથી ઝડપી પાડવામાં આવ્યા હતા અને યુવતીને તેના પરિવારને સોંપી દેવામાં આવી હતી જે ઘટના બાદ આ મુસ્લિમ પરિવાર ગાંગરડી ગામ છોડીને કોઈક અજાણ્યા સ્થાને જતા રહ્યા હતા. તેમજ તા.૨૧-૦૫-૨૦૨૨ ના રોજ તેઓ ગાંગરડી ગામ માં પાછા આવી ગયેલ જેના અનુસંધાનમાં ગ્રામજનો દ્વારા જમાલુદ્દીન પઠાણ ના ઘરે જઈ આ બાબતે ભારે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો જોકે આ ઘટના બનતાની સાથે જ તાત્કાલિક અસરથી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ ગ્રામજનો દ્વારા જમાલુદ્દીન પઠાણનું કોઈ પણ કૌટુંબીક સભ્ય હવે પછી ગાંગરડી ગામ રહે નહિ. અને કાયમ આટે ગામ છોડી અન્ય જગ્યા એ જતા રહે તેમ કરવા સ્થાનિકો દ્વારા ગ્રામ પંચાયત સરપંચ ને લેખિત રજૂઆત કરી છે જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જમાંલુદિન પઠાણ ના કોઈ સભ્ય ગાંગરડી ગામ માં રહે અને તેને લીધે કોઈ અજુગતું બને તો તેની જવાબદારી કોની ? તેમજ આ બાબતે તાત્કાલિક અસરથી ઘટતું કરવા પણ ઉલ્લેખ કરાયો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દ્રષ્ટિ નેત્રાલય દાહોદ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી તા.૨૨/૫/૨૦૨૨ ના રોજ ઉન્નતી વિદ્યાલય પાંજરાપોળ ગોધરા ખાતે તપાસ અને પરામર્શ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૦ નંબરવાળા દર્દીઓની તપાસ કરવામાં આવી અને ૧૪ લેસિક ઓપરેશન ની તારીખ આપવામાં આવી એક ઓપરેશન C3R અને 4 પેશન્ટ કોન્ટેક્ટ લેન્સ માટેની અપોઈન્ટમેન્ટ આપવામાં આવી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લાયન્સકલબ ઓફ દાહોદ ગોદી રોડ સંચાલિત લાયન્સ સીવણ કલાસ રેટિયા ખાતે નવીન ૫ સિલાઈ મશીન અર્પણવીધી કાર્યક્રમ આયોજિત થયો.આ કાર્યક્રમ માં ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા.કુષ્ણ કાત દેસાઈ, ડી.ગવર્નર ઈલેકટ લા.દિનેશભાઈ સુથાર, પી.ડી.જી.લા.સુનિલભાઈ પટેલ, ખાસ વિદેશ લા.ક.સડબરી, યુ.કે થી ઉપસ્થિત લા.ધર્મેશ દેસાઈ, પ્રોજેક્ટ ચેરમેન લા.સત્યેન્દ્રસિંહ સોલંકી, રિજીયન ચેરમેન લા.કમલેશભાઈ લીંબાચિયા, પ્રમુખ લા.અનિલભાઈ અગ્રવાલ અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં તાલીમાર્થી બહેનોને સરકાર માન્ય પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા. રેટિયાં ગામના મુખ્ય આગેવાનોની ઉપસ્થીતીમાં સમગ્ર કાર્યક્રમ સફળ બન્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.229

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ખોટા પેઢીનામાં મરણ તથા સરકારના આદેશોનું અનાદર કરનાર તલાટી સામે શહેર મામલતદાર તરફથી FIR દાખલ કરાવવાશે ખરી ?

ગોધરા,

ગોધરા કસ્બા રે.સ.નં. ૭૪૬/૨ વાળી જમીનમાં મરણ વ્યકિતના પેઢીનામાં જે તા.૨૦/૦૧/૨૦૧૪ના રોજ હુસૈન ઈસ્માઈલ મેંદા ગોધરા કસ્બા તલાટીએ જે તે સમયે બનાવેલ પેઢીનામુ (હયાતીનુ છે)ત્યારબાદ ગુ.રાજય સરકાર દ્વારા બોગસ પેઢીનામાંની ફરિયાદો લાંબાગાળે તા.૧૪/૦૫/૨૦૧૪ના રોજ સાક્ષીઓના ફોટો તથા પેઢીનામાંના ફોટા તથા આધારકાર્ડ સહિતની વિગતો બાબતે તમામ તલાટીઓ તરફથી આ બાબતો ધ્યાને રાખે પેઢીનામાં બનાવાતા પેઢીનામાં ફોર્મ દર્શાવેલ તા.૧૪/૦૫/૨૦૧૪ અંગે જાહેર કરેલ છે તેમ છતાં સરકારશ્રી પરીપત્રોનુ અપમાન કરનાર જે તે સમયના તલાટી દ્વારા લાંચ રૂશ્વત લઈ ખોટુ મરણ વ્યકિતનુ પેઢીનામુ તા.૦૮/૦૮/૨૦૧૪ના રોજ હુસૈન ઈસ્માઈલ મેંદા આશરે ત્રણ વર્ષ ઉપર ગુજરી ગયેલ છે. તેવુ તલાટી દ્વારા પેઢીનામુ બનાવવામાં આવેલ બદલ તત્કાલી કલેકટર પંચમહાલ ગોધરા તરફ આદેશો આપેલ બાબતે કોઈ કાર્યવાહી તલાટી ગોધરા કસ્બાના જે તે સમયના તથા મરણ વ્યકિતનુ પેઢીનામુ કરનાર સાથે કોઈ ફોજદારી રાહે પગલા તથા તાત્કાલિક મામલતદાર દ્વારા કોઈ કાર્યવાહી ખુબ જ મોટા પ્રમાણમાં જિલ્લા કલેકટરના તમામના તમામ કર્મચારીઓ તથા અધિકારીઓ લાંચ રૂશ્વત લઈ કોઈ ફરિયાદ તાત્કાલિક મામલતદાર તથા હાલના ફરજ પરના એમ.એમ. ભાભોર તથા વહીવટી નાયબ મામલતદાર અરવિંદ રાજપુત દ્વારા કોઈ ફરિયાદ જગ જાહેર હોવા છતા પોતાના કર્મચારી ઉપર કે ખોટુ પેઢીનામુ બનાવનાર સામે કોઈ કાર્યવાહી કરી કરવામાં આવેલ નથી. અને ખોટો રિપોર્ટ કરી જિલ્લા કલેકટર પંચમહાલ ગોધરાને મોકલી આપેલ છે.

આમ ગોધરા મામલતદાર એમ.એમ.ભાભોર ગોધરા શહેર નામજોગ ફરિયાદ દાખલ કરાવવા માટે સરકારશ્રી પરીપત્રના ક્રમાંક હકપ૧૦૨૦૦૪/૩૦૧૦/૪ તા.૧૦/૧૧/૨૦૦૪ અનુસાર ફોજદારી રાહે પગલા લેવાની દાદ માંગેલ અને સરકારશ્રી ગુજરાત તકેદારી આયોગ રેફ.-ક્રમાંક-હકપ/૧૮૨૦૨૧/ત.આ.-૭૩-૪ મહેસુલ વિભાગ સચિવાલયના તા.૧૦/૦૧/૨૦૨૨ તથા ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર તા.૧૭/૧૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક : મકખ/૧૬/૨૦૨૧/૪૨૮૮૭૬/સી થી તમામ જિલ્લા પંચમહાલના અધિકારી પરત્વે રજુઆતો અન્વયે કાર્યવાહી કરવાની થાય છે જે કાર્યવાહી શહેર મામલતદાર એમ.એમ.ભાભોર તથા નાયબ મહેસુલ વિભાગ શહેર અરવિંદ રાજપુત દ્વારા કરી કરવામાં આવેલ નથી. શ્રી સરકારના પરીપત્રનો ભંગ કરી કરાવી લાંબાગાળે લાંચ રૂશ્વત લઈ કોઈ ફરિયાદ જાહેરી અને નજરે જોવાઈ અને સરકાર શ્રીના રેકર્ડ ઓફ રાઈટ પુરાવા હોવા છતાં એમ.એમ.ભાભોર શહેર દ્વારા ગંભીર પ્રકારની હકીકતો હોવા છતાં જિલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તથા પ્રાંત સબ ડીવીઝન મેજીસ્ટ્રેટને ખોટો રિપોર્ટ કરેલ છે જે રિપોર્ટમાં વિગતો દર્શાવિલ શ્રીસરકારના પત્રને સુસંગત નથી જેની વિગતો આ પ્રમાણે છે તકેદારી આયોગ રેફન્સ હોય જિલ્લા કલેકટર ધ્યાને લેશે કે નહિ.

ગોધરા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર દ્વારા કરવામાં આવેલ રિપોર્ટ નં જમન/વશી/૭૦૬/૨૦૨૨/તા.૩૧/૦૩/૨૦૨૨ મે.નિવાસી અધિક કલેકટર પંચમહાલ ગોધરાના નં.જમન/૨/વશી/૧૦૩૯/૨૦૨૧ તા.૨૩/૦૭/૨૦૨૧ તથા મે.નિવાસી અધિક કલેકટર ના.નં.જમન/વશી/૧૧૦૬/૨૦૨૧/તા.૦૫/૦૮/૨૦૨૧ અને મે.નાયબ કલેકટર ગોધરા પ્રાંતના પ્રશ્ન નં.મકમ/વશી/૭૭/૨૦૨૨તા.૨૨/૦૩/૨૦૨૨ મામલતદાર શહેર એમ.એમ.ભાભોર દ્વારા તેવો રિપોર્ટમાં જણાવેલ તેમ છતાં અરજદાર દ્વારા સોગંદનામાંથી સાચી હકીકતો છુપાવવામાં આવી હોય કે ખોટી હકીકતો રજુ કરવામાં આવી હોય તો ઈન્ડિયન ઓથો એકટ કલમ ૮ તળે ખોટુ સોગંદનામુ કરનારની જવાબદારી બને છે. તેવુ કહી જવાબદારીઓમાંથી છટબારી કરી ખોટો રિપોર્ટ કરેલ છે પરંતુ પરીપત્ર ક્રમાંક હુકમ/૧૦૨૦૧૪/૭૫૬/જ ૧૪/૦૫/૨૦૧૪ સરકારશ્રીના આદેશો મુજબ સોગંદનામુ કરનાર તથા સાક્ષીઓના ફોટા તથા સરનામાંની વિગતોનો ગોધરા તલાટી જે તે સમયના તલાટીએ મરણ વ્યકિતનુ પેઢીનામુ તૈયાર કરી કરાવી લાંબા ગાળે લાંચ રૂશ્વત લઈ ખોટો સરકારના પરીપત્ર વિરુદ્ધનુ પેઢીનામુ બનાવેલની હકીકતો શહેર મામલતદાર એમ.એમ.ભાભોર દ્વારા પોતાની સહીથી કરેલ રિપોર્ટ તા.૩૧/૦૩/૨૦૨૨માં કોઈ હકીકતો અહેવાલમાં નહિ જણાવી ફોજદારી રાહે એફ.આઈ.આર.દાખલ કરવાની જવાબદારીમાંથી છટકબારી કરી રહ્યા છે પરંતુ જિલ્લા કલેકટર તકેદારી આયોગ ગુજરાત સરકાર તથા મંત્રી પ્રશ્ન હોય તો તેવો સામે શ્રીસરકારને હકીકતી આદેશો અનુસાર એફ.આઈ.આર. દાખલ એમ.એમ.ભાભોર પાસે દાખલ કરાવશે કે નહિ કે પછી આ પ્રકરણ સાચે હકીકતો સાથે જરૂરી સમીક્ષા આર.ઓ.મિટીંગમાં લઈ યોગ્ય શહેર મામલતદાર એમ.એમ.ભાભોર તરફ યોગ્ય અર્ધ સરકારી પત્ર પાઠવી એફ.આઈ.આર.દાખલ કરવા પાત્ર હોય અને આ ઈસમ સાથે બિનખેડુતો-શરતભંગ-ખોટા એવકયુ પ્રોપર્ટીના દસ્તાવેજ કેસો એવકયુ પ્રોપર્ટીમાં ગેરકાયદેસર બાંધકામો વગેરે વગેરે સરકાર સાથે વિશ્વાસઘાત કરેલના અન્ય પ્રકરણો ચાલતા હોય તે અંગેની એક ભારતના નાગરિકની સરકાર હિત ધરાવતી રજુઆતો છે. લાંચ આપે તો ખોટા ખરા કામો તત્કાલિક થાય અને તકેદારી આયોગનો વિલંબ થાય.

## શહેરાના તાડવા ચોકડી પાસેથી રોયલ્ટી પાસ વગર રેતી ભરીને જતા બે ટ્રેક્ટરને મામલતદારે પકડી કાર્યવાહી હાથધરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના તાડવા ચોકડી પાસેથી રોયલ્ટી પાસ વગર રેતી ભરીને જતા બે ટ્રેક્ટરને મામલતદારે પકડી પાડી ને કાર્યવાહી હાથધરી હતી. દિવસ દરમિયાન ૫૦ કરતા વધુ ટ્રેકટરો બેનંબરી રેતીને હેરાફેરી થતી હોવા છતાં ખનીજ ચોરી અટકાવવા માટે કડક કાર્યવાહી કરવામાં તંત્ર ને કોઈ રસ નથી.

શહેરા તાલુકાના બાહી, આંબાજટી, ખાંટ ના મુવાડા, ખોડા તેમજ ઉમરપુર સહિત અન્ય ગામમાંથી પસાર થતી કુણ નદીમાંથી ખનીજ માફિયાઓ દ્વારા મોટા પાયે લીઝ નહિ હોવા છતાં ખાણ અને ખનીજ વિભાગની મંજૂરી વગર બેરોકટોક રેતી કાઢવામાં આવી રહી છે. આ કુણ નદીમાંથી દિવસ દરમિયાન રોયલ્ટી પાસ વગર મોટી સંખ્યામાં બેનંબરી રેતીની હેરાફેરી ટ્રેક્ટરમાં થતી હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ અસરકારક કાર્યવાહી કરવામાં આવતી નથી. જ્યારે શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર તાડવા ચોકડી પાસે પસાર થતા રેતી ભરેલા બે ટ્રેકટરને શહેરા મામલતદારે રોકી ટ્રેક્ટર ચાલક પાસે ખનીજ વહન કરવા માટે રોયલ્ટી પાસ સહિતના જરૂરી કાગળો મળી નહિ આવ્યા હતા. જેથી ટ્રેક્ટરમાં ગેરકાયદેસર રીતે રેતી ભરેલ હોવાનું જણાઈ આવતા રેતી ભરેલ ટ્રેક્ટરને મામલતદાર કચેરી ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કુણ નદીમાંથી મોટા પાયે રેતી કાઢવામાં આવતી હોય અને ખનીજ માફિયાઓ ઊંચી પહોચ ધરાવતા હોવાથી સ્થાનિક મામલતદાર, ખાણ અને ખનીજ વિભાગ દ્વારા આ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવતા લોકોમાં ભારે ચર્ચાનો મુદ્દો બની રહ્યો છે. ખનીજ ચોરી અટકે તે માટે જવાબદાર તંત્ર ના અધિકારીઓ પોતાની નૈતિક ફરજ સમજીને આ સામે કડક કાર્યવાહી કરે તેમ જાગૃત નાગરીકો પણ ઈચ્છી રહયા છે.

## પંચમહાલ જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને યોજાઇ



ગોધરા,

પંચમહાલ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં કલેક્ટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નો ને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેક્ટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર દ્વારા રજૂ થયેલાં વરસાદી પાણી નિકાલ, કંપનીમાં નોકરી કરતા કામદારો, જમીન માપણી અને શિક્ષણ વિભાગના પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ વડા હિમાંશું સોલંકી, અધિક નિવાસી કલેક્ટર એમ.ડી.ચુડાસમા, પ્રયોજના વહીવટદાર ભગોરા અને ડીઆરડીએ ડાયરેક્ટર તબીયાર, પ્રાંત અધિકારીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં આવેલ હાઉસીંગ સહકારી મંડળીઓના ઓડીટ કરાવી લેવા અનુરોધ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આવેલ હાઉસીંગ તથા હાઉસીંગ સર્વિસીસ સોસાયટીના હોદ્દેદારોને જણાવવામાં આવે કે, ગુજરાત સહકારી મંડળી અધિનયમ-૧૯૬૧ ની ૮૪(૧) હેઠળ ઓડીટ કરાવવું ફરજિયાત છે. તો જે હાઉસીંગ મંડળીઓના છેલ્લા ત્રણ વર્ષ કે પાંચ વર્ષથી વધુ સમયના ઓડીટ બાકી હોય તેવી હાઉસીગ મંડળીઓના ઓડીટ કરાવવા અંગે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ), ગોધરાની કચેરી દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૨ તથા ૨૯/૦૫/૨૦૨૨ દિન-૨ જાહેર રજાના દિવસોમાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ તો જે હાઉસીંગ મંડળીઓના ઓડીટ બાકી હોય તેવી મંડળીઓના ચેરમેન/સેક્રેટરીઓને તાત્કાલિકઅત્રે કચેરીનો સંપર્ક કરી સમય ૧૧.૦૦ થી ૬.૦૦ સુધીમાં ઉપરોક્ત દર્શાવેલ તારીખોમાં ઓડીટ કામગીરી પૂર્ણ કરાવી લેવા જણાવવામાં છે જો તેમ કરવામાં કસૂર થશે તો સદર મંડળીના હોદ્દેદારો સામે સહકારી કાયદાની કલમ-૧૦૭ તથા કલમ-૨૦ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની સખ્ત નોંધ લેવા આથી જણાવવામાં આવે છે. કેમ્પનું સ્થળ-ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ કચેરી, ત્રીજે માળે, ગોધરા જિ. પંચમહાલ તો ઓડીટ કરાવી લેવા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ) ગોધરા-પંચમહાલની એક અખબારી યાદી માં જણાવ્યું છે.




એન્જીનીયરીંગ કોલેજ ટુવા, બી ફાર્મસી કોલેજ રામપુરા અને જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા-પંચમહાલ ના સંયુકત ઉપક્રમે તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ ડીપ્લોમા અને ડીગ્રી ઉમેદવારો માટે એન્જીનીયરીંગ કોલેજ, ટુવા તા ગોધરા ખાતે ખાસ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજવામાં આવ્યો.



દાહોદ તાલુકાના રાછરડા ગામે ગટરના કામનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું. જેમાં દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખચ્ચર, જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન ભાભોર, રાકેશભાઈ બાકલીયા, રમણ ભાભોર, વસનાભાઈ ભુરીયા, બળવંતભાઈ ખાસરીયા, છગનભાઈ મકવાણા, મેલાપભાઈ રોઝ, શંકરભાઈ ધાનકી, નરેશભાઈ મકવાણા, દેવાભાઈ બબેરીયા, બચુભાઈ બબેરીયા, શાંતિલાલ બબેરીયા, મહેન્દ્ર ભાઈ કઠાલીયા ગામના આગેવાનો હાજર રહ્યા.

## વેજલપુર ગામમાં જલ સે નલ વાસમો યોજના હેઠળ ના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામ માં ઘણા સમયથી જલ સે નલ યોજના અંતર્ગત ૧૬૫૭૭૯૧૧.૯૫ એક કરોડ ૬૫ લાખ ના કામો જેમાં પાણી ની ટાંકી સંપ પાઈપ લાઈન સહિત ના કમો મંજુર કરવામાં આવ્યા હતા જે અંગે ગામ જનો ઘણા સમયથી તેની રાહ જોઈ રહયા હતા જે કામોનું ખાતમુહૂર્ત ગામના આગેવાનો દ્વારા કરવામાં આવતા ગામ જનો અને આગેવાનો ઉત્સાહિત થયા હતા અને ગામના કેટલાક વિવિધ વિસ્તારોમાં સંપ બનાવવા નું ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું હતું જેથી સ્વથી પેહલા ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ તળાવ આગળ ઈદગાહ સામે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું જેમાં હાજર રહેલા મહેમાન માં ઈદગાહ કમેટી ના પ્રમુખ હારૂન હાજી ખડખડ તાલુકા પંચાયત સભ્ય સલીમ ભાઈ કઠિયા ગ્રામ પંચાયત સભ્યો મુસ્તાક ભાઈ પાડવા મેહબુબ ભાઈ બદના ચરણ ભાઈ ઈરફાન હાજી કઠિયા રમજાની ભાઈ ખડખડ ઈકબાલ ભાઈ નાના ઈકબાલ ભાઈ બગલી વિગેરે હાજર રહયા હતા અને જલ સે નલ યોજના નું ખાતમુહૂર્ત કર્યુ હતું જેનું કાયદેસર ટેન્ડર બહાર પાડવામાં આવ્યો હતો એક કરોડ ૬૫ લાખ જેટલી રકમનું ટેન્ડર પાસ થતાં ગામ જનોમાં ખુશી જોવા મળી હતી આ યોજનાનો ઘણા સમયથી ગ્રામજનો રાહ જોઈ રહયા હતા અને ગામ જનો ગામમા કામ ક્યારે થશે તેવી રાહ જોઇ રહયા હતા ત્યારે વેજલપુર ખાતે ખાતમુહૂર્ત કરતા લોકોમાં અનોખી ખુશી જોવા મળી હતી.



પંચમહાલ જિલ્લા લેબર લોજ પ્રેક્ટિશનર એસોસિએશનના પ્રમુખ એ.એસ ભોઈના અધ્યક્ષ સ્થાને ગોધરા મજુર અદાલત ના ન્યાયાધીશ ડીજે વ્યાસ સાહેબ ની ગોધરા મજૂર અદાલતમાં ચાર વર્ષની કામગીરી પૂર્ણ થતા ચોટીલા મુકામે જે એમ.એફ.સી. મા ન્યાયાધીશ તરીકે બદલી થતા તેમની ગોધરા ખાતે ની કરેલ સારી કામગીરી અને પક્ષકારો સાથે કાયદાકીય રીતે કરેલ સારી કામગીરી થી પક્ષ કારોનો પ્રેમ અને શુભેચ્છા પ્રાપ્ત કરતા તેમના માંનમા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ તે વિદાય સમારંભમાં યુનિયન ના હોદ્દેદારો વકીલ મિત્રો તમામ સંસ્થા ના પ્રતિનિધિઓ મજુર અદાલત ના તમામ સ્ટાફ મિત્રો હાજર રહી પુષ્પગુચ્છથી તેમનું સન્માન કરી તમામ હાજર રહેલ મિત્રોએ શુભેચ્છાઓ પાઠવેલ જે બદલ ડીજે વ્યાસ સાહેબે તમામનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ આ વિદાય સમારંભનું સંચાલન કોર્ટના કર્મચારી રીઝવાના પઠાણે કરે.

## પંચમહાલ જિલ્લા પ્રિ-મોન્સુન પ્લાનીંગ-૨૦૨૨ અંગેની બેઠક જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં યોજાઇ



ગોધરા,

પંચમહાલ જિલ્લા સેવા સદન-૨ કલેક્ટર કચેરીના સભાખંડમાં ખાતે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન-૨૦૨૨ પ્લાનીંગ અંગેની બેઠક યોજાઇ હતી. બેઠકમાં આગામી ચોમાસાની પૂર્વ તૈયારી કરી સંભવિત પૂર-વાવાઝોડા-ભારે વરસાદની સ્થિતિનો સામનો કરવા માટે આગોતરૂં આયોજન સહિતની કામગીરી વિશે વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ આગામી ચોમાસામાં કોઇ પણ પ્રકારની વિપરીત સ્થિતિનો સામનો કરવા તંત્ર સાબદું રહે તેમજ બચાવ અને રાહત કામગીરી માટેનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ જિલ્લાના વિવિધ વિભાગોને આ અંગેની જરૂરી કામગીરીની જવાબદારી સોંપાઇ હતી.

આ બેઠકમાં સંબધિત અધિકારીઓને તેમના દ્વારા કરવાની થતી કામગીરી સોંપવામાં આવી છે જેવી કે ચોકસાઇ થી વરસાદના ડેટા લેવા, વરસાદ માપકયંત્રના સર્ટીફિકેટ મેળવી લેવા,ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં રાહત છાવણી અંગે સર્વે કરી આયોજન કરવું, તરવૈયાની યાદી તૈયાર કરવી, પ્રિ-મોન્સુન-૨૦૨૨ પ્લાનીંગ અંતર્ગત જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. તેમજ તાલુકા કક્ષાએ પણ ૨૪ કલાક કાર્યરત રહે તેવો કંટ્રોલ રૂમ શરૂ કરાશે. પોલીસની ટીમને ખાસ બચાવ અને રાહત કામગીરી માટે તાલીમબદ્ધ કરાશે. તેમજ એનડીઆરએફની ટીમ પણ જિલ્લામાં બચાવ કામગીરી માટે સતત તૈયાર રહેશે.

બેઠકમાં પુર-વાવાઝોડા વગેરે જેવી સ્થિતિમાં લોકોને અગાઉથી જાણ થઇ જાય તેમજ મુશ્કેલીમાં મુકાયેલા લોકોને તુરત જ સહાય મળી રહે તે માટે આયોજન કરાયું છે. રોડ-રસ્તા મરામત તેમજ રસ્તા પર પડેલા વૃક્ષો હટાવવા, વીજપુરવઠો, તળગામોને પુરની અગાઉથી જાણ કરવી, વરસાદની સ્થિતિમાં ભયજનક બનતા બ્રીજ જેવી બાબતો અંગે વિગતે ચર્ચા કરી, કલેક્ટરએ સૌ અધિકારીઓએ સંકલનમાં રહીને કામગીરી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ વડા હિમાંશું સોલંકી, અધિક નિવાસી કલેક્ટર એમ.ડી.ચુડાસમા, પ્રયોજના વહીવટદાર ભગોરા અને ડીઆરડીએ ડાયરેક્ટર તબીયાર, પ્રાંત અધિકારીઓ, તથા જિલ્લાના સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શારદા યુનિવર્સિટી નોઈડા ખાતે નવરચના પ્રાથમિક શાળા ગોધરાના આચાર્ય ફિરોઝખાન પઠાણ સન્માનિત કરાયા




ગોધરા,

રાષ્ટ્રીય આચાર્ય દિવસ ૨૦૨૨ થીમ સાથે એડકલુડ્સ એડકલોડ્સ એજ્યુકેશન એક્સ્પો ૨૦૨૨ દ્વારા ૨૧ મે ના રોજ શારદા યુનિવર્સિટી, નોઈડા, ઉત્તર પ્રદેશ ખાતે આયોજિત એડકલોડ્સ એક્સ્પોમાં નેશનલ એવોર્ડ ઇન એજ્યુકેશન એજ્યુક્લાઉડ લીડરશીપ એવોર્ડ માટે ભારતના વિવિધ રાજયના આચાર્યોને વિવિધ વિષયો પર મંતવ્યો સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના ગોધરા નગરના નવરચના પ્રાથમિક શાળા ગોધરાના આચાર્ય ફિરોઝખાન પઠાણને શારદા યુનિવર્સિટી નોઈડા ઉત્તર પ્રદેશ ખાતે સન્માનિત કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ન્યાયમૂર્તિ કે.જી. બાલકૃષ્ણાન ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશના હસ્તે ખાનનુંસન્માન કરવામાં આવ્યુંહતું.

## હાલોલ પોલીકેબ કંપનીમાં વર્કર બુટમાં સંતાડી લઈ જતા ૩ કિલો કોપર વાયર સાથે પકડાયો

હાલોલ,

હાલો પોલીકેબ કંપનીમાં વર્કર તરીકે કામ કરતા આરોપીએ કંપનીમાંથી છુટતી વખતે પગમાં પહેરેલ બુટમાંથી અઢી કિલો કોપર વાયરની ચોરી કરી પકડાઈ જતા ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ પોલીકેબ કંપનીમાં વર્કર તરીકે કામ કરતા નિલેશ રહેમતભાઈ રાઠવાએ નોકરી ઉપરથી છુટતી વખતે સિકયુરિટીના ચેકિંગ કરવામાં આવ્યુ હતુ ચેકિંગ દરમિયાન પગમાં પહેરેલ બુટમાંથી અઢી કિલો કોપર વાયર કિ.રૂ.૩૦૦૦ની ચોરી કરી પકડાઈ જતા આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## ગોધરા તાલુકાના નંદાપુરા રેલ્વે લાઈનની બાજુમાંથી નાના ભામૈયાની ૩૫ વર્ષિય યુવતિનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના નંદાપુરા રેલ્વે લાઈનની બાજુમાંથી ૩૫ વર્ષિય યુવતિનો મૃતદેહ મળી આવતા ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના નાના ભામૈયા ગામે પટેલ ફળિયામાં રહેતી સંગીતાબેન શનાભાઈ બારીયા(ઉ.વ.૩૫)જે કોઈ કારણોસર નંદાપુરા રેલ્વે લાઈનની બાજુમાંથી અગમ્ય કારણોસર મરણ ગયેલ મૃતદેહ મળી આવ્યો હતો આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.